# દિવાળી, ગુલાબજાંબુ અને કરિયર!

વાહ! દિવાળી આવી! દિવાળી આવે અને મીઠાઈઓ આપણા મગજમાં ના આવે એવું ના બને. અને એમાં પણ ગુલાબજાંબુ તો વાહ ભાઈ વાહ! હવે આજ ગુલાબજાંબુ જો આપણ ને કરિયર ઘડવામાં મદદ કરે તો કેવું? કરિયર એટલેકે કારકિર્દીમાં પણ મીઠાશ આવી જાય.

'કારકિર્દી' અથવા તો પછી અન્ય ભાષામાં કહીએ તો 'કરિયર'. આ શબ્દો આપણાંથી જરા પણ અજાણ્યા નથી અને આ કોલમને નિયમિત વાંચનાર માટે તો બિલકુલ નહીં. જ્યારથી બાળક જન્મે છે અથવા જન્મ પહેલાથી આ શબ્દ બાળકનો પીછો કરતું આવ્યું છે.'મારા દીકરો મોટો થઈને ડોકટર બનશે', 'મારી દીકરી મોટી થઈને એન્જિનિયર બનશે' આવા વાક્ય અવારનવાર



સાંભળવા મળતા હોય છે.જેમાં કાંઈ ખોટું નથી. આ એક માતા-પિતાની એમના બાળકો પ્રત્યેની ચિંતા અને આકાંક્ષા જ છે. પણ મોટા ભાગના કિસ્સામાં આ આકાંક્ષા પરિણામમાં પરિણમતી નથી. બાળકોની ચિંતા કરવાનો, એમને સારી કારકિર્દી ઘડવાનો અને એના માટે એમનો સાથ આપવાનો માતાપિતાનો બિલકુલ હક છે પણ એમનાથી કોઈ વાર ચૂક એ થઈ જાય છે કે તે ક્યારેય એ જાણી જ નથી શકતા કે ખરેખર જે-તે બાળક પણ શું એ જ કારકિર્દી ઈચ્છે છે જે તમે વાલી તરીકે તમે એમને આપવા માંગો છો? અહીં વાલીગણ તરફથી એ દલીલ થઈ શકે છે કે 'બાળકને શું ખબર પડે શુ સાચું શુ ખોટુ! અમે દુનિયા જોયેલી છે. અમે એમના માટે ખોટું થોડી વિચારીશું.' એમની આ દલીલ સંપૂર્ણપણે ખોટી નથી અને સાચી પણ નથી.કારકિર્દી એ આપણે ત્યાં મોટા ભાગે ધોરણ ૧૦ કે ૧૨ પછી ઉદભવતો પ્રશ્ન છે કારણકે ત્યાં સુધી આપણી શિક્ષણનીતિએ દરેક માટે સમાન સોપાનો રચેલા છે.હવે જ્યારે બાળક ધોરણ ૧૦માં આવે એટલે એ ૧૫ થી ૧૬ વર્ષની ઉંમર થઈ ગયેલ હોય છે.હવે જીવન ના આટલા વર્ષો બાદ બાળક પોતે વિચારવા લાયક બને જ છે કે એને કયા ક્ષેત્રમાં રુચિ પડી રહી છે.અને આટલા વર્ષોમાં માતાપિતાને પણ અંદાજો આવી જ જાય છે કે એમનું બાળક કયા ક્ષેત્રમાં આગળ પડતું છે.જો એને એટલા વર્ષોમાં ક્યારેય ક્રિકેટનું બેટ પકડવાનું પસંદ નથી પડ્યું તો હવે એને ક્રિકેટર બનાવવાની જીદ માતાપિતા ન કરી શકે. એટલે અહીં વાત સાચા-ખોટાની નહીં પણ યોગ્ય-અયોગ્યની છે.તમારા બાળક માટે યોગ્ય અને અયોગ્ય શું એની સમજ બાળક સાથે સાથે માતાપિતામાં પણ વિકસિત થવી જરૂરી છે.આ કોલમમાં અમે અવારનવાર કહી ચુક્યા છીએ કે કારકિર્દી એ પસંદ કરો જેમાં તમને રુચિ હોય.હવે આ જ મુદ્દાના બે અલગ અલગ પાસા છે.એક એ કે તમને રુચિ અથવા અરુચિ એમાં જ હોવાની જેના પ્રત્યે તમે સંપૂર્ણ રીતે માહિતગાર હશો અને બીજું પાસું એ કે ફક્ત રુચિ હોવાથી પણ તમે તમારો ધ્યેય પ્રાપ્ત નહીં કરી શકો.

સૌપ્રથમ પાસાની વાત કરીએ તો એક સરળ ભાષામાં કહીએ તો તમને કોઈ વિષય અથવા ક્ષેત્રમાં રુચિ ત્યારે જ આવે જ્યારે એ વિષય અથવા ક્ષેત્રનું પૂરું જ્ઞાન આપની પાસે હોય.ધારોકે આજ દિન સુધી જો મેં ક્યારેય ગુલાબજાંબુનું નામ પણ ન સાંભળ્યું હોય તો સ્વાભાવિક વસ્તુ છે કે મને ગુલાબજાંબુમાં રુચિ ન જ હોવાની.પણ અહીં એક વાત સમજી લેવી જરૂરી છે કે મારી ગુલાબજાંબુ પ્રત્યેની અરુચિ એના પ્રત્યેની મારી અજ્ઞાનતા છે. એનો એવો મતલબ બિલકુલ ના કરી શકાય કે મને ગુલાબજાંબુ અપ્રિય છે.બની શકે એને ચાખ્યા બાદ એના પ્રત્યે મને રુચિ જાગે પણ ખરી.એટલે કહેવાનો ભાવાર્થ એ જ છે કે આપ અલગ અલગ ક્ષેત્ર વિશે માહિતી મેળવી લીધા બાદ જ નક્કી કરી શકો છો કે કયું ક્ષેત્ર તમારા માટે યોગ્ય રહેશે. બીજા પાસાની વાત કરીએ તો ધારોકે તમને જે તે ક્ષેત્રમાં રુચિ છે અથવા પ્રિય છે ફક્ત એ જ કારણથી તમે એ ક્ષેત્રને કારકિર્દી રૂપે જોવા લાગો એ પણ થોડું ઉતાવાળું પગલું બની શકે છે.એ માટે એક તાજા ઉદાહરણની વાત કરું તો હમણાંજ અમારા એક મિત્રએ એમના ૨૧ વર્ષના સુપુત્રનો પરિચય આપતા કહયુ કે આને લખવાનો શોખ છે અને આગળ વધીને એક પ્રસિધ્ધ લેખક બનવું છે.અમને એ જાણીને ઘણી ખુશી થઈ અને ત્યાર બાદ મેં એમના સુપુત્રને એક સવાલ કર્યો કે તમારા ગમતા ૧૦ લેખકોના નામ જણાવશો? તો ૧-૨ લેખકો ના નામ બોલી એ અટકી ગયો ત્યાર બાદ મેં બીજો પ્રશ્ન કર્યો કે તમે તમારા અભ્યાક્રમ સિવાય અન્ય કેટલા પુસ્તકો વાંચ્યા છે? તો એના જવાબમાં એમનું કહેવું એવું હતું કે 'સર, તમને કોઈ ગેરસમજ થતી લાગે છે.મને લખવાનો શોખ છે વાંચવાનો નહીં.'હવે મારે શું કહેવું એ ખબર ન પડી. જેમ તમે મેદાનમાં ઉતાર્યા વગર સારા ખેલાડી ન બની શકો, રંગોના ઊંડા અભ્યાસ વિના ચિત્રકાર ન બની શકો, અલગ અલગ સ્થળ વિષેની ભૌગોલિક અને રાજનૈતિક માહિતી વગર સારા ટ્રાવેલર ન બની શકો તેમ એક સારા લેખક ભરપૂર વાંચનથી જ બની શકો એના વિના નહીં.આ આજના યુવાનોએ સમજવું જરૂરી છે.અહીં આ બંને પાસાના ઉકેલની વાત કરીએ તો એ છે બની શકે એટલો અલગ અલગ વિકલ્પોનો અભ્યાસ. જે તે કારકિર્દીને લગતા જેટલા વધુ વિકલ્પો આપની પાસે હશે આગળ વધવાના માર્ગ મોકળા બનતા જશે.જેમ આપણે વાત કરી કે કોઈ પણ ક્ષેત્ર વિશે રુચિ અથવા રસ ત્યારે જ જાગી શકશે જ્યારે તામારા પાસે એ ક્ષેત્રને સમજવાના અને એના સુધી પહોંચવાના એકાધિક વિકલ્પો રહેલ હશે.ડોકટર, વકીલ, એન્જીનીયર બનવામાં કાઈ ખોટું નથી પણ એના સિવાય પણ કયા કયા વિકલ્પો રહેલ છે એ જાણી લેવું આવશ્યક છે.દરેક વ્યક્તિ ડોકટર - એન્જીનિયર નથી બની શકતા અને દરેક વ્યક્તિ કલાકાર-રમતવીર નથી બની શકતા.દરેકની કારકિર્દી એમના માનસિક-સામજિક અને આર્થિક પરિસ્થિતિને સ્પર્શીનેજ તૈયાર થતી હોય છે.આજની આ ગળાકાપ સ્પર્ધામાં એક્કા દુક્કા વિકલ્પોથી કામ નહીં ચાલે. ઉપરથી આ કોરોનાકાળમાં પણ જેની પાસે આગળ વધવાના વિકલ્પો ઉપલબ્ધ છે એજ આ આર્થિક કટોકટીના સમયમાં જજુમી શકે છે.એટલે આ વધુ વિકલ્પો રૂપી જડીબુટ્ટી તમને આગળ જતાં ક્યારે જીવનદાન પ્રદાન કરે એ તમને પણ ખ્યાલ નહીં રહે.આગળ વધવાના જેટલા ઓછા વિકલ્પો આપની પાસે હશે એટલા જ વધુ આપ ચિંતા અને ડરથી ઘેરાયેલ રહેશો. તો આવો વિદ્યાર્થીમિત્રો આ દિવાળી તથા નૂતન વર્ષના પાવન અવસરે આપણે આપણી કારકિર્દીના માર્ગને વિવિધ અને અવનવા વિકલ્પો અને નવા વિચારો થકી પ્રકાશમય કરીએ અને એના ઉપર ચાલીને આપણે નક્કી કરેલ ધ્યેય તરફ આગેકુચ કરીએ.


અને હા, આ પ્રષ્નમંચ ના માધ્યમથી આપના કરિયરને લગતી નવીનવી બાબતો જાણવાનું અને આપની મુંઝવણ દૂર કરવાનું ચૂકતા નહીં..

સૌનું આવનારું વર્ષ ખૂબ મંગળકારી રહે અને દરેક વિદ્યાર્થી પોતાના કરિયર માં ખૂબ જ પ્રગતિ કરે તેવી શુભકામનાઓ.

- હાર્દિક કે. પરીખ

### અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કોલેજ વિદ્યાર્થીઓ દ્વારા

# ઓનલાઈન રંગોળી સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર,તા. ૧૩

કડી સર્વ વિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કૉલેજના વિદ્યાર્થીઓના આયોજન માટે ખ્યાત છે. કોરોનાના કપરા સમયમાં વિદ્યાર્થીઓના ઉત્સાહને ટકાવી રાખવાના ઉદેશથી 'અનુભૂતિ શૃંખલા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ શૃંખલામાં દીવાળી પર્વ નિમિત્તે ઓનલાઈન રંગોળી સ્પર્ધા આયોજન ૧૩મી નવેમ્બરે કરવામાં આવ્યું હતું.


રંગોલીની જુદી જુદી કલાત્મક ભાત અને રંગોથી સહુનું જીવન પણ કલાત્મક આકાર લે, સુખ અને સમૃદ્ધિથી ભરેલું રહે એવા આશયથી આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં કૉલેજના ૧૬ વિદ્યાર્થીઓએ ભાગ લઈને ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે કૉલેજના અધ્યાપિકા ડૉ. એલ. સોનલ અને પ્રા. રૂચિ યાજ્ઞિકે સેવા આપી હતી. આ સ્પર્ધામાં ખૂંટ ઝરણ પ્રથમ સ્થાને, પ્રજાપતિ કૃપા દ્વિતીય સ્થાને અને પટેલ નિધિ તૃતીય સ્થાને વિજેતા જાહેર થયા હતા. આ સ્પર્ધાનું આયોજન કૉલેજના આચાર્યા ડૉ. વિજ્ઞા ઓઝાના માર્ગદર્શન હેઠળ પ્રા. નયના રંગવાલાએ કર્યું હતું.

# જન્મદિને વધામણી



પ્રવીણ બાબુભાઈ દરજી
મો. ૯૪૨૮૯ ૧૦૫૫૫



મોહંમદસફાન સાકીરહુસેન દિવાન



નિધિ જી. પરમાર

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# શતાબ્દી સ્મૃતિ બાગ બનાવી ફૂલછોડનો ઉછેર કરવામાં આવ્યો







ચિલોડા, તા. ૧૩

ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના આરોગ્ય કેન્દ્ર આગળ શતાબ્દી સ્મૃતિબાગ બનાવી ફૂલછોડનો ઉછેર કરવામાં આવ્યો હતો. સ્વચ્છ-સંકુલ - સુગંધિત સંકુલ, જયાં જયાં જગ્યા ત્યાં ત્યાં ફૂલછોડ ઉછેર કરવાનો અભિગમ તેમજ આગ્રહ રાખનાર સંકુલના સંયોજક રમેશભાઈ પટેલના માર્ગદર્શન મુજબ આરોગ્ય કેન્દ્રના તબીબી ચિકિત્સક ડૉ. નયનેશ વસાવા, નરવર રહેવર અને ચેતના જોષીની સહકારથી શતાબ્દી સ્મૃતિબાગનો ઉછેર કરવામાં આવી રહ્યો છે.

# અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કૉલેજ દ્વારા ફલાયર (ડિઝિટલ પોસ્ટર) બનાવવાની સ્પર્ધાનું આયોજન




ગાંધીનગર,તા. ૧૩

કડી સર્વ વિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કૉલેજમાં દિવાળી પર્વ નિમિત્તો ઓલનાઈન ફલાયર બનાવવાની સ્પર્ધાનું (Flyer Making Compitition) તા. ૧૨મી નવેમ્બર આયોજન થયું હતું. સ્પર્ધાની થીમ 'દિવાળી તહેવાર' હતી. કૉલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડૉ. અભિજિત જાડેજા એ સેવા આપી હતી.

એમાં પ્રથમ ક્રમે સાલવી દસાડિયા, બીજા ક્રમે રાજા ફોડિયા, અને ત્રીજા ક્રમે પૂજા સોની વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધાનું આયોજન આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝાના માર્ગદર્શન હેઠળ ડૉ. પૂનમ લોહાણા દ્વારા કર્યું હતું.

# જનસંખ્યા સમાધાન ફાઉન્ડેશન ગુજરાત પ્રદેશ કાર્યક્રમમાં મેયર રીટાબેન પટેલના હસ્તે પુસ્તકનું વિમોચન

ગાંધીનગર,તા. ૧૩

ભારત માતા મંદિર સેક્ટર-૭ ખાતે જનસંખ્યા સમાધાન ફાઉંડેશન નવી દિલ્હીના ઉપ ક્રમે ગાંધીનગર પ્રદેશ અધ્યક્ષ વિનોદ ભાઈ ઉદેચા દ્વારા જન સંખ્યા નિયંત્રણ માટે કાર્ય ક્રમ નું આયોજન તારીખ ૧૩ નવેમ્બર બપોરે ૧૨ વાગ્યે કરવામાં આવ્યું હતું, આ કાર્યક્રમ માં ગાંધી નગર મહાનગરના મેયર શ્રીમતી રીટા બેન પટેલ ના હસ્તે તથા મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધીનગરના પ્રમુખ ડૉ ગુલાબચંદ પટેલ અને અન્ય મહેમાનો દ્વારા દિપ જ્યોતિ જલાવી હતી. તથા ધ્વજવંદન મેયર રીટા બેન પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું, મેયર દ્વારા પ્રાસંગિક પ્રવચન કરવામાં આવ્યું હતું

આ પ્રસંગે મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધીનગર દ્વારા જન સંખ્યા દિવસ પર ૧૧ જુલાઈ ૨૦૨૦ ના રોજ જન સંખ્યા વિષય પર હિન્દી માં ઑન લાઈન કવિ સંમેલન આયોજિત



કરવામાં આવ્યું હતું અને તેમાં રજૂ કરવામાં આવેલ કવિ ઓ ની રચના ઓ નું સંકલન કરી ડૉ ગુલાબચંદ પટેલ સંપાદક અને ડૉ ભાવના સાવલિયા રાજકોટ સહ સંપાદક દ્વારા તૈયાર કરી 'જન સંખ્યા' પુસ્તક ઈ બુક સ્વરૂપે પ્રકાશિત કરવામાં આવેલ છે. જેનું વિમોચન મેયર શ્રીમતી રીટાબેન પટેલના કર કમળોથી ગુજરાત પ્રદેશ અધ્યક્ષ વિનોદ ભાઈ ઉદેચા ની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું કરવામાં આવ્યું હતું

આ કાર્યક્રમમાં ડૉ ગુલાબચંદ પટેલ અધ્યક્ષ મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધી નગર દ્વારા જન સંખ્યા સમાધાન ફાઉંડેશન ગુજરાત પ્રદેશ ના પદાધિકારીઓને શપથ લેવડાવવવમાં આવ્યા હતા.

ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જનસંખ્યા સમાધાન ફાઉંડેશન ના શ્રી વિનોદ ભાઈ ઉદેચા દ્વારા સંસ્થા ની માહિતી આપતા જણાવ્યું હતું કે જન સંખ્યા વધી રહી છે, આવાસ ઘટી રહ્યા છે શિક્ષણ ની નવી સુવિધા ઓ ઉભી કરવી પડે, દેશ નો વિકાશ અટકી જાય, ચીજ વસ્તુઓ ઘટી જાય એટલે મોંઘવારી વધે, સંસદમાં કાયદો બનાવી જન સંખ્યા પર નિયંત્રણ લાવવા માટે પ્રયાસ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું અને મેયર રીટાબેન પટેલનો, ડૉ ગુલાબચંદ પટેલનો અને અન્ય મહેમાનોનો આભાર માન્યો હતો

# વેદ ઈન્ટીગ્રેટેડ કેમ્પસમાં 'દિવાળી ફેસ્ટિવ' અંતર્ગત વેબીનારનું આયોજન

ગાંધીનગર, તા. ૧૩

આમ તો ભારતમાં બધા જ પ્રકારના તહેવારો ખૂબ ધામધૂમ પૂર્વક ઉજવવામાં આવે છે પરંતુ દિવાળી પર્વનું મહત્વ અનોખું છે. ચાલુ વર્ષે કોવિડ ૧૯ ની મહામારી ને ધ્યાનમાં રાખીને સંયમ પૂર્વક દિવાળી પર્વ ઉજવવાના આશયથી વેદ ઈન્ટીગ્રેટેડ કેમ્પસ દ્વારા ઓનલાઈન પાણીપુરી પાર્ટી નું આયોજન કરવામાં આવ્યું, જેમાં બાળકોએ તેમના ઘરેથી જ પાણીપુરી બનાવી હતી ઉપરાંત પાણીપુરીના ચટપટ્ટા સ્વાદ સાથે ચોકલેટ બોલ્સ અને કોકોનટ બરફી ની મીઠાશ પણ માણી હતી. આ સાથે




કે. જી તથા વર્ગ ૧ તથા ૨ના બાળકો માટે ઓનલાઈન હાથે બનાવેલ કઠ પૂતળીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં બાળકો એ અવનવા કઠપૂતળી ના ખેલ રજૂ કર્યા હતા.

આમ ચાલુ વર્ષે કોરોના ની મહામારી વચ્ચે પણ બાળકો નો દિવાળી પર્વ ઉજવવાનો ઉત્સાહ જળવાઈ રહે તે હેતુસર વેદ ઈન્ટીગ્રેટેડ કેમ્પસ દ્વારા એક નવતર આયોજન કરવામાં આવ્યું હતું ,જેમાં બાળકોને દિવાળી કેમ ઉજવવામાં આવે છે અને પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા ફેકલ્ટીઝ દ્વારા ઈકો ફ્રેન્ડલી દિવાળીનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. આ વેબીનારમાં સંસ્થાના તમામ સ્ટાફ મિત્રો તથા વાલીઓનો ઉમદા સહકાર સાંપડ્યો હતો.

# 'જ્યોત સે જ્યોત જગાતે ચલો... શ્રમજીવી વસાહતના બાળકોની 'પારસમણી' સ્પર્શ સાથેની અનોખી દિવાળી...!




ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરમાં આવેલા પારસમણી ફાઉન્ડેશન દ્વારા સમાજના ઉત્થાન માટે અને સમાજના આર્થિક પછાત વર્ગની સંવેદના સમજી એમને મદદરૂપ થવા માટે અનેક પ્રકારના કાર્યક્રમો નિસ્વાર્થ ભાવે આયોજિત કરવામાં આવતા હોય છે.

દિવાળીના દિવસોમાં શ્રમજીવી વસાહતના ઘરમાં પણ દીવો પ્રગટે અને એમની દિવાળી ઝળહળી ઉઠે એવી ઉદ્દાત ભાવના સાથે પારસમણી ફાઉન્ડેશન દ્વારા સેકટર - ૧૬ ની શ્રમજીવી વસાહતના વિસ્તારમાં ધનતેરસની શુભ સવારે જઈને સભ્યોએ દિવાળી પર્વની ઉજવણી કરી હતી. કાર્યક્રમની શરૂઆત 'મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું...' પ્રાર્થનાથી કરવામાં આવી અને ત્યારબાદ બાળકોને કોરોના અને સ્વચ્છતા વિશેની વાત કવિ કિશોર જીકાદરા દ્વારા કરવામાં આવી હતી. પારસમણી સંસ્થાના પ્રમુખ સંજય થોરાતે બાળકો સરકારી સ્કૂલમાં ભણીને પણ આગળ વધી શકે છે એવું પોતાનું ઉદાહરણ આપીને પ્રોત્સાહક વાત કરી એમનો ઉત્સાહ વધાર્યો હતો. પારસમણી ફાઉન્ડેશનના યુવાન કાર્યકર રિદ્ધિ થોરાત અને તરિશી મહિપતસિંહ પરમાર દ્વારા બાળકોને સંગીત ઉપર નૃત્ય અને ગરબા કરાવવામાં આવ્યા હતાં અને સાથે દોરડા કૂદની હરીફાઈ પણ કરવામાં આવી હતી.

આ પ્રવૃત્તિ બાદ સૌ બાળકોને મીઠાઈ અને ફરસાણનું વિતરણ કરવામાં આવ્યું હતું અને એમના ચહેરા પર એક અનોખી ખુશાલી ચમકી ઊઠી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન રિદ્ધિ થોરાત અને તરિશી મહિપતસિંહ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. આ બાળકોને મિઠાઈ ડો. પૌલમી પરમાર અને રૂપિન શાહના સૌજન્ય દ્વારા આપવામાં આવી હતી. 'જ્યોત સે જ્યોત જગાતે ચલો, પ્રેમ કી ગંગા બહાતે ચલો...' શ્રમજીવી સાહતના વિદ્યાર્થીઓ વચ્ચે આવો કાર્યક્રમ એક અનોખી સંવેદના જગાવે છે. દિવાળી પર્વની ઉજવણી દ્વારા તકવંચિત બાળકોને પારસમણી ફાઉન્ડેશન દ્વારા સંવેદનાનો સ્પર્શ મળ્યો હતો અને એમની દિવાળી ઝળહળી ઊઠી હતી.